પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૨ | ૨૧ જુન, ૨૦૧૮, ગુરૂવાર; નિજ. જેઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**તાલીબાન હૂમલામાં ૩૦ સૈનિકોના મોત**

પશ્ચિમી અફઘાનિસ્તાનમાં હૂમલાઓ કરી તાલીબાન આતંકવાદીઓએ અફઘાન સુરક્ષા બળના ૩૦ સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. સંઘર્ષ વિરામ બાદ તાલીબાન આતંકીઓએ હૂમલાઓ તેજ બનાવ્યા છે.

**તમિલનાડુની યુવતી મિસ ઈન્ડિયા બની**

તમિલનાડુની અનુકૃતિ વાસ મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૧૮ બની છે. ૧૯ વર્ષની અનુકૃતિ મિસ વર્લ્ડ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

**દહેરાદુનમાંથી વાંદરાઓ અને સાપ હટાવાશે**

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દહેરાદુનના એફઆરઆઈમાં ૬૦ હજાર લોકો સાથે યોગ કરશે. કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે આ વિસ્તારમાંથી વાંદરાઓને અને સાપને હટાવવાનુ અભિયાન ચાલી રહ્યુ છે.

**અમિત શાહ ૨૩મીએ જમ્મુ જશે**

પીડીપી-ભાજપ ગઠબંધન તુટ્યા બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આગામી ૨૩મી જૂને જમ્મુની મુલાકાતે જઈ રહ્યા છે. તેઓ અહી કાર્યકરોને સંબોધન કરશે.

**જાકિર નાઈકને કોર્ટે રાહત ન આપી**

મુંબઈ હાઈકોર્ટે સાંપ્રદાયિક અશાંતિ ફેલાવવાના આરોપોનો સામનો કરી રહેલા વિવાદાસ્પદ ઈસ્લામી ઉપદેશક જાકિર નાઈકને રાહત આપવાનો ઈન્કાર કર્યો છે.

# કાશ્મીરમાં ઓપરેશન હવે તીવ્ર કરાશે

**રાજ્યપાલ શાસન આવ્યા બાદ કાર્યવાહીમાં વધુ સરળતા રહેશે : જમ્મુ કાશ્મીરમાં મહેબુબા સરકારના પતન બાદ ડીજીપી એસપી વૈધ દ્વારા પ્રતિક્રિયા અપાઈ : કુશળ અધિકારીઓને યોગ્ય મોરચા પર મુકવાની જાહેરાત**



શ્રીનગર,તા. ૨૦

જમ્મુ કાશ્મીરમાં મહેબુબા સરકારનું પતન થયા બાદ આજે રાજ્યપાલ એનએન વોરાએ રાજ્યની જવાબદારી સંભાળી લીધી હતી. કાશ્મીરમાં આની સાથે જ વહીવટી હિલચાલ તીવ્ર બની ગઈ હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના ખાસ રહી ચુકેલા વધારાના મુખ્ય સચિવ (ગૃહ) બીવીઆર સુબ્રમણ્યમને કાશ્મીરમાં લાવવામાં આવ્યા છે. બીજી બાજુ સુરક્ષા દળોએ પણ ત્રાસવાદીઓ સામે કાર્યવાહી તીવ્ર બનાવી દીધી છે. ડીજીપી એસબી વૈદ્યએ આજે પ્રેશર ફ્રી હોવાનો સંકેત આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગવર્નર શાસનમાં પોલીસ માટે કામ કરવાની બાબત ખુબ સરળ રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, અમારા ઓપરેશન યથાવતરીતે જારી રહેશે. રમઝાન દરમિયાન ઓપરેશન ઉપર બ્રેક મુકવામાં આવી હતી. ઓપરેશન પહેલા પણ ચાલી રહ્યા હતા. હવે વધારે તીવ્ર બનાવવામાં આવી રહ્યા છે. ગવર્નર શાસન અથવા તો રાજ્યપાલના શાસનથી તેમને કોઈ અસર થશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આવનાર દિવસોમાં કાર્યવાહી વધુ તીવ્ર કરવામાં આવશે. વૈદ્યએ કહ્યું હતું કે, રમઝાન યુદ્ધવિરામના કારણથી

● અનુસંધાન પાન-૭ પર

## સેનાએ ૧૮૦ આતંકીઓનું હિટ લિસ્ટ તૈયાર કર્યુ

**સેનાએ ઉત્તર-દ.કાશ્મીરમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યુ**



શ્રીનગર,તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં ભાજપે મહબૂબા મુફ્તિની સરકારને આપેલો ટેકો પાછો ખેંચ્યા બાદ રાજ્યમાં ભાજપ-પીડીપીની સરકાર તૂટી ગઈ છે અને અહીં રાજ્યપાલ શાસન લાગુ કરવામાં આવ્યું છે. રમઝાનમાં લાગુ કરાયેલા સસ્પેન્શન ઓફ ઓપરેશનને સમાપ્ત કર્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં સક્રિય ૧૮૦ આતંકવાદીઓનું હિટલિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. સુરક્ષાદળો દ્વારા ઉત્તર અને દક્ષિણ કાશ્મીરામં સુરક્ષાદળો દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં પીડીપી અને ભાજપની જોડાણ સરકાર તૂટી પડયા બાદ કેન્દ્રીય સુરક્ષાદળો સંપૂર્ણપણે એક્શનમાં આવી ગયા છે. સુરક્ષાદળોએ કાશ્મીર ખીણમાં સક્રિય આતંકવાદીઓનું નવું હિટલિસ્ટ તૈયાર કર્યું છે. આ યાદીમાં કુલ ૧૮૦ આતંકવાદીઓ સામેલ કરવામાં આવ્યા છે. જેમાં ૧૦૭ હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદીઓ છે. કાશ્મીર ખીણમાં આતંક ફેલાવનારા ૫૦ વિદેશી આતંકવાદીઓ પણ હિટલિસ્ટમાં સામેલ છે. રમઝાનમાં સસ્પેન્શન

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરાશે : મોદી

**વડાપ્રધાને દેશના ખેડૂતો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી : બીજથી લઇને બજાર સુધી ખેડૂતોને મદદરૂપ થવા સરકાર પ્રતિબદ્ધ : ખેડૂતોએ ૭૦ વર્ષના રેકોર્ડ તોડ્યા : અર્થ વ્યવસ્થાને બદલવાનો શ્રેય ખેડૂતોને જ જાય છે**

ન્યુ દિલ્હી,તા.૨૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દેશના ખેડૂતો સાથે વાતચીત કરી હતી, જેમાં મોદીએ ખેડૂતોને તેમની આવક બમણી કરવાનો ગુરુમંત્ર આપ્યો હતો. વડા પ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું હતું કે કૃષિ માટે સરકાર બજેટમાં નિશ્ચિત રકમની ફાળવણી કરે છે.

૨૦૧૪થી ૨૦૧૯ માટે અમે આ ફાળવણીની રકમ બમણી કરી દીધી છે, જે કૃષિ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે." મોદીએ એમ પણ કહ્યું કે બીજથી લઈને બજાર સુધી ખેડૂતોને મદદરૂપ થવા સરકાર પ્રતિબદ્ધ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આપણા ખેડૂત ભાઈઓએ છેલ્લાં ૭૦ વર્ષના રેકોર્ડ તોડ્યા છે. છેલ્લા ૪૮ મહિનામાં કૃષિ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે. ખાદ્યાન્ન ઉત્પાદન ૨૮૦ મિલિયન ટન થયું છે. કઠોળના ઉત્પાદનમાં પણ ૧૦.૫ ટકાનો વધારો થયો છે. 'બ્લૂ રિવોલ્યુશન' હેઠળ મત્સ્ય ઉછેરમાં ૨૬ ટકાનો વધારો થયો છે, જ્યારે પશુપાલન અને દૂધ ઉત્પાદનમાં ૨૪ ટકાનો વધારો થયો છે.

તેમણે જણાવ્યું કે અમારો પ્રયાસ છે કે ખેડૂતોને ખેતીની સંપૂર્ણ પ્રક્રિયામાં દરેક પ્રકારની મદદ મળે એટલે કે પાકના તૈયાર થવાથી માંડી બજારમાં તેના વેચાણ સુધી, બીજથી લઈને બજાર સુધી સરકાર કેવી રીતે મદદરૂપ થઈ શકે તે અંગે નિર્ણય થઈ રહ્યા છે, યોજનાઓ બનાવવામાં આવી રહી છે.

ખેડૂતોને સારી ગુણવત્તાનાં બિયારણ મળે અને તે માટેની રકમ માટે તેઓ મુંઝાય નહીં એ માટે ખેડૂત લોનની રકમ વધારવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



વિશ્વ યોગ દિવસ - ભારતીય સંસ્કૃતિના વેદ-ઉપનિષદોમાં પણ જેનો મહિમા ગાન ગવાયો એવા યોગને આંતરરાષ્ટ્રિય ક્ષિતિજ પર મુકવાનો શ્રેય ભારતને અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાય છે... શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વિકાસના પ્રથમ પગથિયા સમા યોગને જીવનમાં અપનાવવાથી અનેક સમસ્યાઓ ઉકેલાય જાય છે... આજે સમગ્ર દેશમાં યોગના નિદર્શનો યોજાશે... ખાસ કરીને ગુજરાતમાં ગામેગામ અને શહેર-શહેરમાં યોગના કાર્યક્રમો આયોજાયા છે... સરકાર, સમાજ અને સંસ્થાઓ સાથે મળી યોગને જીવન સાથે વણી લેવાની પરંપરા જોડાઈ જાય તો નિરોગી જીવન, તેજસ્વી જીવન બની શકે...

# આજે આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવાશે

**મોદી દહેરાદુનમાં પહોંચે તે પહેલા તમામ તૈયારી પૂર્ણ કરાઇ : યોગને પ્રોત્સાહન આપવા માટે દુનિયાભરના ૧૭૦થી વધુ દેશોમાં પણ યોગ સાધનાના કાર્યક્રમો થશે : મોદી સરકારના બધા કેન્દ્રિય મંત્રીઓને જવાબદારી**

નવી દિલ્હી,તા. ૨૦

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આવતીકાલે દેશભરમાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવનાર છે. દેશ વિદેશમાં અનેક મોટા કાર્યક્રમો યોજાનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દહેરાદુનથી વિશ્વનું નેતૃત્વ કરશે. મોદીની સાથે ઉત્તરાખંડના મુખ્યપ્રધાન પણ યોગ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. ચોથા યોગ દિવસને લઈને યોગી પોતે તૈયારીની સમીક્ષા છેલ્લા કેટલાક દિવસથી કરી રહ્યા હતા. વર્ષ ૨૦૧૪માં એનડીએ સત્તામાં આવ્યા બાદ એનડીએ સરકારના પ્રધાનો સતત જુદા જુદા કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. મોદીની પહેલ પર યોગને વિશ્વ દિવસોમાં સામેલ કરવામાં આવ્યા બાદ દુનિયાભરમાં યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્રસંગે દેશ વિદેશના અનેક મોટા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. મોદી પોતે દહેરાદુનમાં હાજર રહેશે અને હજારો લોકોની સાથે યોગા કરશે.દેહરાદુનમાં આયોજિત કાર્યક્રમમાં ૨૦,૦૦૦થી વધારે લોકો તેમની સાથે ભાગ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામ તૈયારી કરી લેવામાં આવી છે. શહેરમાં ૧૦૦ જુદા જુદા સ્થળો ઉપર પણ ૧૦,૦૦૦થી વધારે લોકો ભાગ લે તેવી શક્યતા છે. આ વખતે યોગ દિવસને મનાવવા માટે ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. યોગને પ્રોત્સાહન આપવા માટે ભારત, અમેરિકા, ચીન, કેનેડા, ઓસ્ટ્રેલિયા સહિતના અનેક દેશોમાં યોગ સાધનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને મનાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. દુનિયાના ૧૭૦થી વધુ દેશમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અત્રે નોંધનિય છે કે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બે વર્ષ પહેલાં ઐતિહાસિક પ્રસ્તાવના માધ્યમથી ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર ગુરૂવારના દિવસે ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને સંપૂર્ણપણે તૈયાર છે અને આ કાર્યક્રમ હેઠળ વિશ્વ સંસ્થાની ઓફિસ પર યોગાસનની પ્રતિમા પણ મુકવામાં આવી છે. બીજી બાજુ બીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે કેન્દ્રિય મંત્રી યોગની સાધના કરશે.

## શહિદ ઔરંગઝેબના પરિવારની રક્ષામંત્રીએ મુલાકાત કરી

શ્રીનગર,તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં રાજકીય હલચલની વચ્ચે રક્ષામંત્રી નિર્મલા સીતારમણે શહીદ ઔરંગઝેબના પરિવારજનોની મુલાકાત લીધી. તેઓ જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં આવેલા ઔરંગઝેબના ઘરે ગયા. આ દરમ્યાન રક્ષામંત્રીએ ઔરંગઝેના પિતા મોહમ્મદ હનીફ અને ભાઈ સાથે વાત કરી. કહેવાય છે કે રાજ્યમાં પીડીપી-ભાજપના ગઠબંધનવાળી સરકાર તૂટતા અને રાજ્યપાલ શાસન લાગુ થયા બાદ રક્ષામંત્રી આ મુલાકાતમાં આતંકીઓની વિરૂદ્ધ આકરું વલણ અપનાવાનો રાજકીય સંદેશ પણ છે. નિર્મલા સીતારમણે ઔરંગઝેબના ઘરે જઈ તેમને પરિવાર સાથે મુલાકાત કર્યા બાદ કહ્યું કે મેં ઔરંગઝેબના પિતા સાથે ઘણી વાતો કરી. મેં ઔરંગઝેબના પરિવાર સાથે સમય વીતાવ્યો. આ પરિવાર આખા દેશ માટે પ્રેરણા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

info City Club & Resort
SUMMER DHAMAKA
@
Zaika
Add spice to life
Enjoy Buffet Lunch / Dinner
300/- + 5% GST
FROM SOUP TO DESSERT
Ala-carte order 20% Discount
Group Booking of minimum 10 on buffet Lunch/Dinner @ 20 % Discount
* Offer Valid till 30th June 2018
*T&C apply
FOR MORE INFORMATION CALL
+91 99099 06372
Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar - 382009. Ph: 079 23213111/22/33/44/55.
www.infocityclub.net